सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| ફાઈલ તારીખ | ૨૫/૦૬/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૨૫/૦૬/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૧૦/૦૭/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૧૫ |

---

**મહેરબાન ભરૂચના છઠ્ઠા એડીશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૫૧૨/૨૦૨૬**

**આંક : –**

**અરજદાર/આરોપી :– પટેલ કિરીટકુમાર ડાહ્યાભાઈ,**
રહે. ૨૬, મુકતાનંદ સોસાયટી,
નર્મદાનગર ટાઉનશીપ પાસે, ભરૂચ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :– ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા માટેની અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી એસ. એસ. ગરાસીયા
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી જે. જે. પરમાર

---

**–:: ચુકાદો ::–**

**(૧)** આ કામનાં અરજદાર/આરોપી ભરૂચ સીટી 'સી' ડિવીઝન પો. સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૦૧૨૬૦૬૯૮/૨૦૨૬ થી સાર્વજનીક મિલકતોને નુકસાન અટકાવવાનો અધિનિયમની કલમ–૩(૧), ૩(૨)(ઈ) તથા બી.એન.એસ. ની કલમ–૩૨૯(૧), ૩૨૪(૩), ૩૫૧(૩), ૨૨૧, ૬૧(૨)(બી), ૬૨ મુજબના ગુનાની ફરીયાદ ફરીયાદીએ આપેલ હોય સદર ગુનાના આરોપસર અરજદાર/આરોપીની સંભવીત ધરપકડ થાય તેમ હોય આગોતરા જામીન ઉપર મુકત કરવા હાલની આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા, ત.ક.અધિકારીશ્રી તરફે રજુ **આંક–૦૮** નું સોગંદનામું, આરોપી તરફે **આંક–૦૩** નાં લીસ્ટથી રજુ દસ્તાવેજોને ધ્યાને લીધા.

(૩) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રીની મુખ્યત્વે તેમની જામીન અરજી મુજબની રજુઆત છે અને વિ. વકીલશ્રીની દલીલ છે કે, ઉપરોકત ગુનાના કામે અરજદાર/આરોપીને માત્રને માત્ર શંકાના આધારે સંડોવણી થવાની પુરેપુરી શકયતા રહેલી છે, આરોપીનો એફ.આઇ.આર.માં કોઇ રોલ નથી, આરોપીની અનડીટેકટડ ગુનામાં ધરપકડ થવાની પુરેપુરી શકયતા રહેલી છે, જેથી હાલની આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે, હાલનો કોઇ ગુનો કરેલ નથી, અરજદાર/આરોપીનું એફ.આઇ.આર.માં આરોપી તરીકે ખોટી રીતે નામ દાખલ કરી દીધેલ છે, અરજદાર/આરોપી વિરૂધ્ધ રાજકીય અદાવત રાખી ખોટી રીતે આરોપીને કહેવાતા ગુનામાં ખોટી રીતે સંડોવણી થાય તેવી પુરીપુરી શકયતા રહેલી છે, જેથી અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર કુટુંબ કબીલા સાથે રહે છે અને અરજદાર ઉપર પત્ની તથા બાળકોના ભરણપોષણની જવાબદારી છે, અરજદારનો કોઇ ક્રિમીનલ રેકર્ડ નથી, અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તપાસ કરનાર અમલદારને પુરેપુરો સાથ સહકાર આપશે તેની ખાત્રી આપે છે અને નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે, જેથી અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં એવી રજુઆત છે કે, હાલના અરજદાર/આરોપીની બનાવ સ્થળે હાજરી ન હતી તથા સિવિલ તકરાર પણ ચાલી આવેલ છે તેમજ હાલના આરોપીએ કોઇ ધાકધમકી આપેલ હોય તેવી પણ કોઇ હકીકત એફ.આઇ.આર.માં જણાવેલ નથી. હાલનાં ગુનામાં વધુમાં વધુ ૭ વર્ષ સુધીની સજાની જોગવાઇ છે તથા ગુનાની હકીકતો જોતા કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશનની આવશ્યકતા નથી, જેથી હાલની આગોતરા જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ આઇ.ઓ.નાં **આંક–૦૮** નાં સોગંદનામાને અનુરૂપ મહત્વની દલીલ કરી રજુઆત કરેલ છે કે, આ કામનાં હાલના અરજદાર/આરોપી કિરીટભાઇ ડાહ્યાભાઇ પટેલ તથા સહ–આરોપી નં. ૩ આરીફભાઇનાઓએ મળી ફોજદારી ષડયંત્ર રચી ફરીયાદીનાં રાષ્ટ્રીય રાજ માર્ગ પ્રાધીકરણ (NHAI વડોદરા) ના તાબા હેઠળ વડદલા ગામે નોવાસ હોટલની બાજુમાં આવેલ રેસ્ટ એરીયા પરીસરમાં આવેલ જુની બિલ્ડીંગને હિટાચી મશીનથી તોડી સરકારી સંપતિને નુકસાન પહોંચાડી, ગેરકાયદેસર કબજો કરવાનો પ્રયાસ કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપી સરકારી કામગીરીમાં અવરોધ ઉભો કરી ફોજદારી ષડયંત્ર તેમજ સરકારી મિલકતમાં ગુનાહિત અપપ્રવેશ કરી ગુનો કર્યાનો આક્ષેપ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી સામે ઉપલબ્ધ પ્રાથમિક પુરાવાઓ પરથી જાહેર સંપતિને ઇરાદાપૂર્વક નુકસાન પહોંચાડયાનું પ્રથમ દ્રષ્ટીએ જણાઇ છે તથા નુકસાન પામેલી મિલકત NHAI ની માલીકીની જાહેર સંપતિ છે, જેનો ઉપયોગ જાહેર હિત માટે થતો હતો, આવી જાહેર સંપતિને નુકસાન પહોંચાડી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે, જેથી આરોપીને આગોતરા જામીન ઉપર મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, સદર ગુનાની તપાસ હાલમાં પ્રારંભીક અને મહત્વપૂર્ણ તબકકામાં છે અને હજુ આ પૂર્વઆયોજીત કૃત્ય હતું કે નહી ?, તોડફોડ માટે કોના આદેશથી કાર્યવાહી થઇ, અન્ય સહ–આરોપીઓની ઓળખ અને સંડોવણી, મોબાઇલ કોલ ડિટેઇલસ ડિઝીટલ પુરાવા તથા દસ્તાવેજોની તપાસ, નુકસાનનું સત્તાવાર મુલ્યાંકન આ બાબતે તપાસ કરવાની બાકી છે, જેથી આરોપીને આગોતરા જામીન આપવામાં આવશે તો પુરાવા સાથે ચેડા કરવાની, દસ્તાવેજો નષ્ટ કરવાની અથવા સાક્ષીઓને પ્રભાવીત કરવાની શકયતા છે, જેથી અરજદાર/આરોપીના આગોતરા જામીન નામંજુર કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીની કસ્ટોડીયલ પુછપરછ જરૂરી છે, જેથી ઘટનાનું સંપૂર્ણ ષડયંત્ર, સહભાગી વ્યકિતઓ અને ગુનાના સાધનો અંગેની માહિતી મેળવી શકાય તેમજ વધુ દસ્તાવેજી અને ઇલેકટ્રોનીક પુરાવા મેળવવાના બાકી હોવાથી આ તબકકે આરોપીના આગોતરા જામીન મંજુર કરવાથી તપાસ પર પ્રતિકુળ અસર થશે, જેથી આરોપીને આગોતરા જામીન

ઉપર મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, સદર ગુનામા જમીન અથવા બિલ્ડીંગ પર માલીકી/કબજાનો વિવાદ હોવા છતા આરોપીઓએ કાયદો પોતાના હાથમાં લીધો છે, જેથી આરોપીની કસ્ટોડીયલ પુછપરછ વિના સહ–આરોપીઓ, નાણાંકીય વ્યવહાર અને ષડયંત્ર અંગેની તપાસ પૂર્ણ થઇ શકશે નહી અને જમીન તથા બિલ્ડીંગ સંબંધીત દસ્તાવેજોની તપાસ ચાલુ હોય, જેથી આરોપીને આગોતરા જામીન ઉપર મુકત ન કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી પૈસા માટે ગુનાઓ આચરવાની કોશીષ કરી/કરાવતા હોય, જેથી નામ. કોર્ટમાં હાજરી આપશે કે કેમ ? તથા પોલીસ તપાસમાં સહયોગ આપશે કે કેમ ? તે બાબતની ખાત્રી મળતી નથી તેમજ આરોપીને આગોતરા જામીન આપવામાં આવશે તો ફરીવાર આવા પ્રકારના ગુનો આચરે તેવી શકયતાઓ નકારી શકાય તેમ નથી, જેથી અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) આરોપી સામેના આક્ષેપીત ગુનાની હકીકત જોવા એફ.આઇ.આર. તથા પોલીસ પેપર્સ ધ્યાને લેતા, આરોપીઓએ ફરીયાદીના NHAI ના તાબા હેઠળના પરીસરમાં આવેલ જુની બિલ્ડીંગને હિટાચી મશીનથી તોડી સરકારી સંપતિને નુકસાન પહોંચાડી ગેરકાયદેસર કબજો જમાવવાનો પ્રયાસ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી સરકારી કામગીરીમાં અવરોધ ઉભો કરી સરકારી મિલકતમાં ગુનાહિત અપપ્રવેશ કર્યા અંગેનો આક્ષેપ છે. વધુમાં સદર ગુનાના કામે સજાની જોગવાઇ જોતા વધુમાં વધુ ૭ વર્ષ સુધીની સજાની જોગવાઇ છે. વધુમાં પોલીસ પેપર્સ તેમજ આરોપી તરફે રજુ કરેલ લીસ્ટથી રજુ દસ્તાવેજો જોતા NHAI જમીન સંપાદન કરેલ હોય તે જમીનને લગતો વિવાદ હોય તેમ જણાય છે. વધુમાં પોલીસે હિટાચી મશીન કબજે કરેલ છે તથા બનાવ સ્થળના સી.સી.ટી.વી. ફુટેજ તથા ફોટોગ્રાફસ કબજે કરેલ છે. વધુમાં એફ.આઇ.આર. મુજબના આક્ષેપની હકીકત જોતા પોલીસે તમામ સાહેદોના નિવેદનો લીધેલા છે તેમ સ્પષ્ટ થાય છે. ત.ક.અ.એ તેમની એફીડેવીટમાં આરોપીના કસ્ટોડીયલ ઇન્ટ્રોગેશનની આવશ્યકતા હોવાનું જણાવેલ છે, પરંતુ આરોપીઓ સામેના આક્ષેપીત ગુનાની હકીકતો જોતા તેમજ તપાસના પેપર્સ જોતા કસ્ટોડીયલ

ઈન્ટ્રોગેશનની આવશ્યકતા હોય તેમ જણાતું નથી. આમ છતા ત.ક.અધિકારીશ્રી આરોપીની પુછપરછ કરવા હકકદાર છે અને તે પુછપરછ દરમ્યાન પણ પોલીસને વિગતો મળી શકે તેમ છે, તે સંજોગોમાં હાલના કેસમાં કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની આવશ્યકતા હોય તેમ જણાતું નથી. વધુમાં એફ.આઈ.આર. મુજબ હાલના આરોપી બનાવ સ્થળે હાજર હોય તેવી પણ કોઈ હકીકત નથી અને આરોપી ભરૂચના સ્થાનીક રહીશ હોય, નાસી ભાગી જાય તેમ નથી અને તપાસમાં પુરતો સહકાર આપવાની તૈયારી દર્શાવે છે, તે તમામ હકીકતો તથા સંજોગો જોતા આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતુ હોય છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>-:: હુકમ ::-</u>**

(૧) અરજદાર/આરોપી **પટેલ કિરીટકુમાર ડાહ્યાભાઈ,** રહે. ૨૬, મુકતાનંદ સોસાયટી, નર્મદાનગર ટાઉનશોપ પાસે, ભરૂચનાઓની હાલની <u>આગોતરા જામીન</u> ઉપર મુકત થવા માટેની ભરૂચ સીટી 'સી' ડિવીઝન પો. સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૦૧૨૬૦૬૯૮/૨૦૨૬ થી સાર્વજનીક મિલકતોને નુકસાન અટકાવવાનો અધિનિયમની કલમ-૩(૧), ૩(૨)(ઈ) તથા બી.એન.એસ. ની કલમ-૩૨૯(૧), ૩૨૪(૩), ૩૫૧(૩), ૨૨૧, ૬૧(૨)(બી), ૬૨ ના કામની હાલની ફો.પ.અ.નં. ૫૧૨/૨૦૨૬ આથી **મંજુર** કરવામાં આવે છે. આ ગુનાના કામે અરજદાર/આરોપીની અટકાયત કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો આરોપીએ રૂા. ૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના જામીન અને તેટલી જ રકમનાં જાતમુચરકા રજુ રાખ્યેથી તપાસ એજન્સીએ તરત જ નીચેની શરતોને આધીન આગોતરા જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો :-</u>**

૧. અરજદાર/આરોપીએ પોતાની સ્વતંત્રાનો દુરઉપયોગ કરવો નહી અને ફરીયાદી તથા સાહેદોને ધાકધમકી, દબાણ કે લાલચ આપવી નહી કે પુરાવા સાથે ચેડા કરવા નહી.

૨. અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો, ટ્રાયલ કોર્ટમાં દિન–૭ માં જમાં કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું ટ્રાયલ કોર્ટમાં સોગંદનામું રજુ કરવું.

૩. અરજદાર/આરોપીએ કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય ભારત દેશની હદ્દ છોડવી નહી.

૪. અરજદાર/આરોપીએ પોતાનું કાયમી સરનામું તથા મોબાઈલ ફોન ધરાવતા હોય તો મોબાઈલ ફોનનો નંબર રજુ કરવો અને તેમાં ફેરફાર થયેથી દિન–૧૫ માં ત.ક.અધિકારીશ્રીને તથા ટ્રાયલ કોર્ટને તેની જાણ કરવી.

૫. અરજદાર/આરોપીએ પોલીસ તપાસમાં પુરતો સાથ–સહકાર આપવો અને ત.ક.અધિકારીશ્રી જયારે અને જયાં બોલાવે ત્યારે અને ત્યાં હાજર થઇ તપાસનાં કામે સાથ–સહકાર આપવો.

૬. અરજદાર/આરોપીએ ગુનાની ટ્રાયલ દરમ્યાન કોર્ટમાં નિયમીત હાજર રહેવું.

૭. ઉપરોકત શરતોમાં ટ્રાયલ કોર્ટ વધારો–ઘટાડો કે ફેરફાર કરવા સક્ષમ રહેશે.

(૨) સદર હુકમ મુજબ સંબંધીત પો.સ્ટે.ને યાદી કરવી.

આ હુકમ આજ **તા. ૧૦ મી, માહે : જુલાઇ, સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૦/૦૭/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(પિંકલ એમ. સોની )**
છઠ્ઠા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**

SUC